## <u>ઓનલાઈન પદવી ફોર્મ ભરનાર વિદ્યાર્થીએ નીચે દર્શાવેલ સુચનાઓ કાળજીપૂર્વક વાંચવી.</u>

૧. જેઓ પદવી મેળવવા પાત્ર હોય અને પદવી મેળવવા ઈચ્છતા હોય તેમણે તેનું આવેદન પત્ર જરુરી વિગતો સાથે નિયત કરેલ સમય મર્યાદામાં ઓનલાઈન ભરવાનું રહેશે.

૨. આ યુનિવર્સિટીની પ્રથમ /દ્વિતીય પદવી મેળવવા માટેની ફી રૂ|.૨૦૦/- નિયત કરવામાં આવેલ છે.

3. વિદ્યાર્થીઓએ પદવી અંગેની નિયત કરેલ ફી રૂ|.૨૦૦/- તા.૧૫-૦૫-૨૦૨૬ થી ૧૫-૦૭-૨૦૨૬ દરમ્યાન **Online Payment Gateway** દ્વારા આપ **Credit/ Debit Card** અથવા **Net Banking** દ્વારા પદવી ફી જમા કરાવવાની રહેશે. જે વિદ્યાર્થીઓ ઉક્ત દર્શાવેલ સમય મર્યાદામાં આવેદનપત્ર ભરી શકેલ ન હોય તેવા વિદ્યાર્થીઓ ફી રૂ|. ૨૦૦/- દંડનાત્મક ફી રૂ|. ૨૫૦/- ફી કુલ ફી રૂ|.૪૫૦/- તા.૧૬-૦૭-૨૦૨૬ થી તા.૩૧-૦૭-૨૦૨૬ દરમ્યાન ઉક્ત દર્શાવેલ **Online Payment Gateway** પદવી ફી ભરી શક્શે.

૪. નીચે દર્શાવેલ વેબસાઈટ પરથી ઓનલાઈન આવેદનપત્ર ભરી શકશે.

1. http://degree.saurashtrauniversity.edu

૫. જે વિદ્યાર્થી એકી સાથે એક કરતા વધુ પદવીઓ મેળવવા ઈચ્છતા હોય તેમણે દરેક પદવી માટે જુદા આવેદનપત્રો અને તે દરેકની જુદી ફી ભરવાની રહેશે અન્યથા ફોર્મ રદ કરવામા આવશે.

૬. સને ૨૦૦૪ અને તે પછીના જે વિદ્યાર્થીઓના પરિણામ કોઈ કારણોસર મોડા જાહેર થયેલ તેવા વિધાર્થીઓ પદવી/ડિપ્લોમાં મેળવવા ઈચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત સમય ગાળા દરમ્યાન યુનિ. ખાતે પરીક્ષા વિભાગમાં રૂબરૂ ફોર્મ ભર્યા બાદ પરીક્ષા પદવી વિભાગમાં રૂબરૂ ચકાસણી કર્યા બાદ જો ફી જમા કરાવેલ ન હોય તો તેવા વિદ્યાર્થીઓએ કેશ વિભાગમાં (બીજા અને ચોથા શનિવાર તથા જાહેર રજા સિવાય ફી ભરવાનો સમય ૧૧ થી ૨ સુધી) પદવી ફી જમા કરાવવાની રહેશે.

૭. જે કોઈ વિદ્યાર્થીઓને અસલ પદવી પ્રમાણપત્રમાં સુધારો કરવાનો થતો હોય ત્યારે તેવા વિદ્યાર્થીને મળેલ પદવી પ્રમાણપત્રમાં જણાવ્યા અન્વયેની પદવીદાન સમાંરભ તારીખ થી છ મહીના સુધીનો સમયગાળો પૂર્ણ થયેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ સુધારો કરાવેલ માર્કશીટની ઝેરોક્ષ અને અસલ પદવી પ્રમાણપત્ર સામેલ રાખી પરીક્ષા પદવી વિભાગમાં જમા કરાવવાનું રહેશે અને તેવા વિધાર્થીઓએ પદવી ફી તથા ઓનલાઈન આવેદનપત્ર ભરવાનું રહશે નહી.

૮. જે કોઈ વિદ્યાર્થીઓને અગાઉ મેળવેલ પદવી પ્રમાણપત્રમાં જણાવ્યા અન્વયેની પદવીદાન સમાંરભ તારીખથી છ મહીના સુધીનો સમયગાળો પૂર્ણ થયેલ હોય અને પદવી પ્રમાણપત્રમાં ભુલ આવેલ હોય તેવા વિદ્યાર્થીએ પણ આવેદનપત્ર ઉપરોક્ત સમય ગાળા પ્રમાણે રૂબરૂમાં ભરી તેની સાથે સુધારો કરાવેલ માર્કશીટની ઝેરોક્ષ કોપી અને અસલ પદવી પ્રમાણપત્ર બિડાણ સાથે પરીક્ષા પદવી વિભાગમાં રૂબરૂ ચકાસણી કર્યા બાદ પદવી આવેદનપત્ર માન્ય રહેશે તો તેવા વિધાર્થીઓએ કેશ વિભાગમાં (બીજા અને ચોથા શનિવાર તથા જાહેર રજા સિવાય ફી ભરવાનો સમય ૧૧ થી ૨ સુધી) પદવી ફી જમા કરાવવાની રહેશે.

૯. ડિગ્રી કક્ષાઓની એક્સ્ટર્નલ પરીક્ષાઓના ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓએ પરીક્ષા ફોર્મ ભરવાની સાથે પદવીફોર્મ આવેદનપત્ર અને નિયત થયેલી ફી ઓનલાઈન ભરી હોય તો આવા વિધાર્થીઓએ ફોર્મ ભરવાના રહેશે નહી પંરતુ વિધાર્થી પાસે આધાર હોવો ફરજીયાત છે.

૧૦. એક વખત ફી ભર્યા બાદ ફી કોઈપણ સંજોગોમાં પરત મળી શકશે નહી કે ભવિષ્યના હેતુ માટે અનામત રાખવામાં આવશે નહી.

૧૧. આવેદનપત્ર સાથે અપુરતી માહિતી કે અપુરતી ફી તથા કમ્બાઇન્ડ કર્યા વગરની માર્કશીટ કે અનામત પરીણામ વાળા કે અન્ય કોઈપણ કારણોસર આવેદન પત્ર રદ કરવામાં આવશે. જે અંગેની કોઈ જાણ કરવામાં આવશે નહી.

.

**કુલસચિવ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**